Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મગ્રહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદ્યશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શક્તિશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
સુરત ૧૦૫, દેવાશીષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, SVNIT સામે, ઈચ્છાનાથ, સુરત-૩૯૫૦૦૭. Mo : 75748 61851
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ નોમ બુધવાર ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૦૫

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# ઈરાન ચીન પાસેથી એન્ટી-શિપ મિસાઈલો ખરીદવાની તૈયારીમાં

**જો કે** આ સોદા અંગેની કોઇ ચોક્કસ વિગતો હજી સુધી બહાર આવી નથી

**ઇરાન** પાસે આ CM-302 મિસાઇલો આવી જાય તો અખાતી પ્રદેશમાં અમેરિકી નૌકાદળ માટે મોટો ભય ઉભો થાય

**લંડન, તા. 24 (રોઈટર્સ):** ઈરાન ચીન સાથે એન્ટી-શિપ ક્રૂઝ મિસાઈલ ખરીદવા માટે સમજૂતી કરવાની તૈયારીમાં છે. આ વાટાઘાટોની જાણકારી ધરાવતા છ લોકોના જણાવ્યા અનુસાર, આ સોદો એવા સમયે થઈ રહ્યો છે જ્યારે અમેરિકા ઈસ્લામિક રિપબ્લિક પર સંભવિત હુમલાઓ પહેલા ઈરાની દરિયાકાંઠા પાસે વિશાળ તૈનાતી કરી રહ્યું છે.

ચીન નિર્મિત CM-302 મિસાઈલો માટેનો સોદો પૂર્ણ થવાના આરે છે, જો કે ડિલિવરી માટેની કોઈ તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. આ મિસાઈલ સિસ્ટમ ખરીદવા માટે ચીન સાથેની વાટાઘાટો ઓછામાં ઓછા બે વર્ષ પહેલાં શરૂ થઈ હતી. છ જાણકાર વ્યક્તિઓના જણાવ્યા મુજબ, જૂનમાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના ૧૨-દિવસીય યુદ્ધ પછી આ વાતચીતમાં ભારે તેજી આવી છે. આ માહિતી આપનારાઓમાં ત્રણ એવા અધિકારીઓ પણ સામેલ છે જેમને ઈરાન સરકાર દ્વારા બ્રીફિંગ આપવામાં આવ્યું હતું. ગયા ઉનાળામાં જ્યારે વાટાઘાટો અંતિમ તબક્કામાં હતી, ત્યારે ઈરાનના ડેપ્યુટી ડિફેન્સ મિનિસ્ટર મસૂદ ઓરાઈ સહિતના વરિષ્ઠ સૈન્ય અને સરકારી અધિકારીઓએ ચીનનો

...અનુસંધાન પાના 11 પર



### સુપરસોનિક CM-302 મિસાઈલોને આંતરવી ખૂબ મુશ્કેલ છેઃ ઇરાનની પ્રહાર ક્ષમતામાં મોટો વધારો થઇ શકે

આ સુપરસોનિક CM-302 મિસાઈલોની રેન્જ આશરે ૨૯૦ કિલોમીટર છે અને તે નીચી ઊંચાઈએ અત્યંત ઝડપથી ઉડીને જહાજોની સંરક્ષણ પ્રણાલીને છેતરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે. બે હથિયાર નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, આ મિસાઈલોની તૈનાતીથી ઈરાનની પ્રહાર ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે અને આ પ્રદેશમાં અમેરિકી નૌકાદળ માટે મોટો ખતરો ઉભો થશે. ઇઝરાયેલના ભૂતપૂર્વ ઇન્ટેલિજન્સ ઓફિસર અને હાલમાં ઇન્સ્ટિટ્યૂટ ફોર નેશનલ સિક્યુરિટી સ્ટડીઝના વરિષ્ઠ સંશોધક ડેની સિટ્રિનોવિઝે જણાવ્યું કે, જો ઈરાન પાસે આ વિસ્તારમાં જહાજો પર હુમલો કરવાની સુપરસોનિક ક્ષમતા આવી જાય, તો તે સંપૂર્ણપણે 'ગેમચેન્જર' સાબિત થશે. આ મિસાઈલોને આંતરવી અત્યંત મુશ્કેલ છે.

# ઝારખંડમાં એર એમ્બ્યુલન્સ તૂટી પડતા 7નાં મોત

**સખત** દાઝી ગયેલા એક દર્દીને હવાઇ માર્ગે રાંચીથી દિલ્હી લઇ જવાતો હતો ત્યારે સોમવારે રાત્રે આ ઘટના બની હતી

**દર્દી,** તેની પત્ની, ડોક્ટર, બે પાયલોટો સહિત તમામના મૃતદેહો મળી આવ્યા



**રાંચી, તા. 24 (PTI):** ઝારખંડમાં સોમવારે રાત્રે એક એર એમ્બ્યુલન્સ તૂટી પડવાની ઘટનામાં આ એમ્બ્યુલન્સમાં મુસાફરી કરી રહેલા દર્દી અને ડોક્ટર સહિત તમામ સાતના મૃતદેહો મળી આવ્યા છે.

રેડબર્ડ એરવેઝ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા સંચાલિત બીચક્રાફ્ટ C90 એર એમ્બ્યુલન્સ રાંચીથી દિલ્હી જઈ રહી હતી, ત્યારે સોમવારે સાંજે સિમરિયાના બરિયાતુ પંચાયત વિસ્તારમાં, જે જંગલની અંદર આવેલો છે, ત્યાં તે ક્રેશ થઈ હતી. આ અકસ્માતમાં બે પાયલોટ સહિત સવાર તમામ સાત લોકોના મોત થયા હતા. ચતરાની સદર હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

અન્ય એક અધિકારીએ જણાવ્યું કે, વિમાને રાંચી એરપોર્ટ પરથી સાંજે ૭.૧૧ કલાકે ઉડાન ભરી હતી અને ૭.૩૦ વાગ્યાની આસપાસ તે ગુમ થયું હતું. રવાના થયાની લગભગ ૨૦ મિનિટ પછી એર ટ્રાફિક કંટ્રોલ સાથે તેનો સંપર્ક તૂટી ગયો હતો. રાંચી એરપોર્ટના ડાયરેક્ટર વિનોદ કુમારે જણાવ્યું હતું કે પ્રતિકૂળ હવામાન દુર્ઘટના પાછળનું સંભવિત કારણ હોઈ શકે છે, જો કે ચોક્કસ કારણ વિગતવાર તપાસ પછી જ જાણવા મળશે.મૃતકોની ઓળખ કેપ્ટન વિકાસ ભગત, કેપ્ટન સવરાજદીપ સિંહ, સંજય કુમાર, ડો. વિકાસ કુમાર ગુપ્તા, સચિન કુમાર મિશ્રા, અર્ચના દેવી અને ધ્રુરુ કુમાર તરીકે કરવામાં આવી છે. ઝારખંડના રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવાર અને મુખ્યમંત્રી હેમંત સોરેને આ ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું હતું અને કહ્યું હતું કે રાજ્ય સરકાર અસરગ્રસ્ત પરિવારોને તમામ શક્ય સહાય પૂરી પાડશે. ઝારખંડના સ્વાસ્થ્ય મંત્રી ઈરફાન અંસારીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આ મામલે તપાસ કરશે કે "પ્રતિકૂળ હવામાન" દરમિયાન વિમાનને ઉડાન ભરવાની મંજૂરી કેવી રીતે આપવામાં આવી. મળતી વિગતો પ્રમાણે લાતેહર જિલ્લાના ચાંદવા રહેવાસી દર્દી સંજય કુમારને ૧૬ ફેબ્રુઆરીએ ૬૫ ટકા દાઝી જવાની ઈજાઓ સાથે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી." પરિવારે વધુ સારા ઈલાજ માટે તેમને દિલ્હી લઈ જવાનું નક્કી કર્યું અને સોમવારે એર એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી હતી.

## દિલ્હી ડાયરી

### નાણાંમંત્રી નિર્મલા સીતારમણની સાડી પર વિવાદ

કેન્દ્રીય બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રી નિર્મલા સીતારમણ જે સાડીઓ પહેરે છે, તેના પર આવતા વાર્ષિક અહેવાલો (ન્યૂઝ રિપોર્ટ્સ) સામે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ તેમના આ દાવા પર તથ્યો સાથે વળતો જવાબ આપ્યો હતો. સીતારમણે અહેવાલો પર પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, ''મને નથી લાગતું કે આવી ટિપ્પણીઓ સામાન્ય રીતે ખરાબ ઈરાદા સાથે કરવામાં આવતી હોય છે, પરંતુ ક્યારેક છુપાયેલા પૂર્વગ્રહો સપાટી પર આવી જાય છે. હું મારો પોતાનો અનુભવ શેર કરીશ. દર વર્ષે, આ મારી આસપાસનો એક વિષય બની જાય છે, લોકો પૂછે છે કે 'બજેટના દિવસે તમે શું પહેરવાના છો?''' આ બાબતને અહીં જ ન છોડતાં ચતુર્વેદીએ એક્સ પર એક મહિલા પત્રકાર દ્વારા નાણામંત્રીની સાડીઓ પર કરવામાં આવેલી ટ્વીટ્સની શ્રેણી શેર કરીને જવાબ આપ્યો હતો. તેણીએ લખ્યું: "બજેટ એટલું ફિક્કું હતું કે હવે સાડીની આગાહી પર પૂર્વગ્રહ અને લિંગ (જેન્ડર)ને મુદ્દો બનાવવામાં આવી રહ્યા છે... કદાચ નાણામંત્રીએ દર વર્ષે બજેટ રજૂ કરતા પહેલા સાડીની વિગતો - તે કયા રાજ્યમાં વણાયેલી છે, તેનો રંગ અને કાપડ - જાહેર કરવા બદલ તેમની ઓફિસને ઠપકો આપવો જોઈએ." તે ખૂબ જ આશ્ચર્યજનક છે કે, નાણામંત્રીએ બજેટના દિવસે તેમની સાડીઓ પર મિડિયા

...અનુસંધાન પાના 11 પર

# કેરળનું નામ બદલીને કેરળમ કરવાના પ્રસ્તાવને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

**કેરળ** વિધાનસભાએ સર્વાનુમતે ઠરાવ પસાર કરીને નામમાં આ ફેરફારની દરખાસ્ત કરી છે

**આ દરખાસ્ત** કેન્દ્ર સરકારે મંજૂર કર્યા બાદ રાષ્ટ્રપતિની ભલામણ પછી આ માટેનો ખરડો સંસદમાં પસાર કરાવવો પડશે

### બંધારણની કલમ 3 હેઠળ રાજ્યોના નામ ચોક્કસ શરતોનું પાલન કરીને બદલી શકાય છે

બંધારણની કલમ 3 અસ્તિત્વમાં રહેલા રાજ્યોના નામમાં ફેરફાર કરવાની જોગવાઈ પૂરી પાડે છે. કલમ 3 મુજબ, સંસદ કાયદા દ્વારા કોઈપણ રાજ્યનું નામ બદલી શકે છે. વધુમાં, કલમ 3 ની જોગવાઈ જણાવે છે કે આ હેતુ માટેનો કોઈ પણ ખરડો રાષ્ટ્રપતિની ભલામણ સિવાય સંસદના કોઈપણ ગૃહમાં રજૂ કરી શકાશે નહીં અને જ્યાં ખરડામાં રહેલો પ્રસ્તાવ કોઈપણ રાજ્યના વિસ્તાર, સીમાઓ અથવા નામને અસર કરતો હોય, ત્યાં રાષ્ટ્રપતિ દ્વારા તે ખરડો જે-તે રાજ્યની વિધાનસભાને તેના મંતવ્યો રજૂ કરવા માટે મોકલવો આવશ્યક છે.

**નવી દિલ્હી, તા. 24 (PTI):** કેરળ સરકારની પોતાના રાજ્યનું નામ બદલીને કેરલમ કરવાની દરખાસ્તને કેન્દ્રીય મંત્રીમંડળે આજે મંજૂર કરી હતી એમ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું.

આ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ નવા પીએમઓ કોમ્પ્લેક્ષ સેવા તીર્થ ખાતે પ્રથમ વખત મળેલી મંત્રીમંડળની બેઠકમાં લેવામાં આવ્યો હતો. કેન્દ્રીય કેબિનેટે પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કેરળ રાજ્યનું નામ બદલીને 'કેરળમ' કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે, તેમ વૈષ્ણવે જણાવ્યું હતું. કેન્દ્રીય કેબિનેટની મંજૂરી બાદ, ભારતના રાષ્ટ્રપતિ ભારતીય બંધારણની કલમ 3 ની જોગવાઈ હેઠળ કેરળ રાજ્ય વિધાનસભાને તેના મંતવ્યો વ્યક્ત કરવા માટે 'કેરળ (નામમાં ફેરફાર) ખરડો, 2026' મોકલશે. એક સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર, કેરળ વિધાનસભાના મંતવ્યો પ્રાપ્ત થયા પછી, ભારત સરકાર સંસદમાં કેરળનું નામ 'કેરળમ' કરવા માટે 'કેરળ (નામમાં ફેરફાર) ખરડો, 2026' રજૂ કરવા માટે રાષ્ટ્રપતિની ભલામણ મેળવશે.

કેરળ વિધાનસભાએ 24 જૂન, 2024 ના રોજ કેરળનું નામ બદલીને

...અનુસંધાન પાના 11 પર

### લેહ જતું સ્પાઇસ જેટના પ્લેન ખામીને પગલે દિલ્હી પરત ફર્યું

**નવી દિલ્હી, તા. 24 (PTI)** : એક સ્રોત અનુસાર, લેહ જઈ રહેલું સ્પાઇસ જેટનું વિમાન મંગળવારે સવારે એન્જિનની સમસ્યાને કારણે રાષ્ટ્રીય રાજધાની પરત ફર્યું હતું.

સ્રોતે વધુમાં જણાવ્યું હતું કે, બોઈંગ 737 વિમાનમાં આશરે 150 લોકો સવાર હતા, જે ફ્લાઇટ એસજી121 ઓપરેટ કરી રહ્યું હતું.

જ્યારે સ્પાઇસ જેટના પ્રવક્તાનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું કે, મંગળવારે દિલ્હીથી લેહ જતી ફ્લાઇટ ટેક્નિકલ ખામી સર્જાયા બાદ દિલ્હી પરત ફરી હતી.

પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''વિમાન દિલ્હીમાં સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું અને તમામ મુસાફરોને સામાન્ય રીતે ઉતારવામાં આવ્યા હતા.''

...અનુસંધાન પાના 11 પર

# 14 વર્ષની છોકરીઓને સર્વાઈકલ કેન્સર વિરોધી રસી મફત અપાશે

**સિંગલ** ડોઝની આ રસી એચપીવી ટાઈપ 16 અને 18 સામે રક્ષણ આપે છે, જે સર્વાઇકલ કેન્સર માટે જવાબદાર છે

**ભારતમાં** મહિલાઓમાં સર્વાઇકલ કેન્સર એ બીજું સૌથી સામાન્ય કેન્સર છે, જેમાં દર વર્ષે લગભગ 80000 નવા કેસો નોંધાય છે

**નવી દિલ્હી, તા. 24 (PTI):** મહિલાઓમાં રોકવા યોગ્ય કેન્સરને નાબૂદ કરવાની દિશામાં એક મોટું પગલું ભરતા, કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં 14 વર્ષની છોકરીઓ માટે રાષ્ટ્રવ્યાપી હ્યુમન પેપિલોમાવાયરસ (એચપીવી) રસીકરણ કાર્યક્રમ શરૂ કરશે.

આ રસીકરણ ઝુંબેશ સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ હેઠળ નહીં, પરંતુ એક વિશેષ અભિયાન તરીકે ચલાવવામાં આવશે, જે વિશ્વ આરોગ્ય સંસ્થા (હૂ)ની ભલામણોને અનુરૂપ છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમમાં સિંગલ-ડોઝ રસીનો ઉપયોગ કરવામાં આવશે. આ રસી એચપીવી પ્રકાર 16 અને 18 સામે રક્ષણ આપે છે, જે સર્વાઈકલ કેન્સર માટે જવાબદાર છે. વૈજ્ઞાનિક પુરાવાઓ પુષ્ટિ કરે છે કે ભલામણ કરેલ વય જૂથમાં રસીનો એક જ ડોઝ મજબૂત અને લાંબા ગાળાનું રક્ષણ પૂરું પાડે છે. ખુલ્લા બજારમાં 'ગાર્ડાસિલ-4' રસીના બે થી ત્રણ ડોઝની જરૂર પડે છે અને તેની કિંમત આશરે 3927 પ્રતિ ડોઝ હોય છે, પરંતુ સરકારી કાર્યક્રમ હેઠળ આ રસીકરણ સંપૂર્ણપણે સ્વૈચ્છિક અને મફત હશે. ભારતમાં મહિલાઓમાં સર્વાઈકલ કેન્સર એ બીજું સૌથી સામાન્ય કેન્સર છે, જેમાં દર વર્ષે લગભગ 80000 નવા કેસો અને 42000થી વધુ મૃત્યુ નોંધાય છે.

આ રસીકરણ ઝુંબેશ આયુષ્માન આરોગ્ય મંદિરો (પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો) જેવા નિયુક્ત સરકારી આરોગ્ય કેન્દ્રો પર હાથ ધરવામાં આવશે. તમામ રસીકરણ કેન્દ્રો 24/7 સરકારી હોસ્પિટલો સાથે જોડાયેલા રહેશે જેથી તાત્કાલિક તબીબી સહાય સુનિશ્ચિત કરી શકાય. 'ગાવી - ધ વેક્સિન એલાયન્સ' સાથેની ભાગીદારી દ્વારા ભારતે ઉચ્ચ ગુણવત્તાની રસીઓનો જથ્થો સુરક્ષિત કર્યો છે. આ અભિયાન દ્વારા ભારત તે 160 દેશોની યાદીમાં જોડાશે જેમણે પોતાના રાષ્ટ્રીય રસીકરણ શેડ્યૂલમાં એચપીવી રસીનો સમાવેશ કર્યો છે. 'સ્વસ્થ નારી' ના વિઝન તરફનું આ એક સીમાચિહ્નરૂપ પગલું છે. દેશભરમાં વાલીઓએ આગળ આવવું જોઈએ અને એક વખત આ કાર્યક્રમ શરૂ થઈ જાય ત્યારે તેમની 14 વર્ષની પુત્રીઓને એચપીવી સામેની રસી અપાવવાનું સુનિશ્ચિત કરવું જોઈએ.

# દસમાંથી છ અમેરિકનો માને છે કે વધતી ઉંમર સાથે ટ્રમ્પ અચોક્કસ બન્યા છે: સર્વે

**આવુ** માનનારાઓમાં ટ્રમ્પના રિપબ્લિકન પક્ષના પણ એક નોંધપાત્ર વર્ગનો સમાવેશ

**વોશિંગ્ટન, 24 : રોઇટર્સ/** ઈપ્સોસના નવા સર્વે અનુસાર, રિપબ્લિકન પક્ષના એક નોંધપાત્ર વર્ગ સહિત દસમાંથી છ અમેરિકનો એવું માને છે કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું વર્તન તેમની વધતી ઉંમર સાથે અચોક્કસ બન્યું છે.

છ દિવસ સુધી ચાલેલો આ સર્વે સોમવારે પૂર્ણ થયો હતો. તેના બીજા જ દિવસે 79 વર્ષીય પ્રમુખ કોંગ્રેસમાં પોતાનું વાર્ષિક 'સ્ટેટ ઓફ ધ યુનિયન' સંબોધન આપવાના છે, જે અગાઉના એક મહિના દરમિયાન ધારાસભ્યો અને ન્યાયાધીશો પ્રત્યેના

...અનુસંધાન પાના 11 પર

### 32% અમેરિકનો માને છે કે ટ્રમ્પની પ્રાથમિકતાઓ યોગ્ય છે : સીએનએન સર્વે

બીજી તરફ, CNN ના નવા સર્વે મુજબ, 'સ્ટેટ ઓફ ધ યુનિયન' સંબોધન પહેલા ટ્રમ્પની લોકપ્રિયતામાં ઘટાડો જોવા મળ્યો છે. પોલિંગ ફર્મ SSRS

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૪-૦૨-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૮° સે. | ૧૯.૨° સે. | ૨૨% |

# ટ્રમ્પ ટેરિફ પર સુપ્રીમના ચુકાદાથી વેપાર અંધાધૂંધીનો અંત આવે તેવી શક્યતા નહીંવત

**ચુકાદા** પછી તરત જ ટ્રમ્પે નવો દસ ટકા ટેરિફ લાદ્યો અને પછી વધારીને ૧૫ ટકા કર્યો તેથી સ્થિતિ વધુ ગુંચવાઇ

**વોશિંગ્ટન, 24 ફેબ્રુઆરી (AP)** રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી વ્યાપક ટેરિફ (આયાત જકાત) પર સુપ્રીમ કોર્ટના આકરા પ્રહારનો અર્થ એ છે કે હવે તેઓ પોતાની મરજી મુજબ આયાત પર નવા વેરા લાદી શકશે નહીં. પરંતુ શુક્રવારે આવેલા જસ્ટિસના આ ચુકાદાથી ટ્રમ્પની વેપાર નીતિ અંગેની તે અનિશ્ચિતતા ઓછી થાય તેવી શક્યતા નથી, જેના કારણે છેલ્લા એક વર્ષથી વ્યવસાયો ઠપ થઈ ગયા છે. ટ્રેડ લોયર, કિંગ એન્ડ સ્પાલડિંગના પાર્ટનર અને ભૂતપૂર્વ યુએસ ટ્રેડ ઓફિશિયલ રાયન મેજેરસે જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિ માટે પરિસ્થિતિ હવે વધુ જટિલ બની ગઈ છે.

હજુ પણ અનેક મૂંઝવતા પ્રશ્નો બાકી છેઃ સુપ્રીમ કોર્ટે જે ટેરિફ રદ કર્યા છે તેને ફરીથી લાગુ કરવા માટે રાષ્ટ્રપતિ અન્ય કાયદાઓનો ઉપયોગ કેવી રીતે કરશે, અને શું તે પ્રયાસો કાયદેસરના પડકારો સામે ટકી શકશે? ટ્રમ્પે જે ટેરિફના જોરે અન્ય દેશો પર દબાણ લાવીને વેપાર કરારો સ્વીકારવા મજબૂર કર્યા હતા, તે કરારોનું હવે શું થશે? શું આયાતકારોએ ગયા વર્ષે ચૂકવેલા ટેરિફનું રિફંડ મેળવી શકશે, અને જો હા, તો કેવી રીતે?

ત્યારબાદ ટ્રમ્પની પોતાની અનિશ્ચિતતાનો પ્રશ્ન પણ છે. સુપ્રીમ કોર્ટના પ્રતિકૂળ ચુકાદા માટે તૈયારી કરવા માટે તેમની પાસે અઠવાડિયાઓનો સમય હોવા છતાં, તેમનો પ્રતિસાદ અસ્તવ્યસ્ત હતોઃ શુક્રવારે તેમણે કહ્યું કે તેઓ અન્ય કાયદાકીય સત્તાનો ઉપયોગ કરીને આયાત પર 10% લેવી લાદશે, અને શનિવારે તેમણે તે વધારીને 15% કરી દીધી.

સામાન્ય રીતે, સુપ્રીમ કોર્ટના નિર્ણયથી ટેરિફમાં થતા ઘટાડાથી અર્થતંત્રને થોડી ગતિ મળવાની અપેક્ષા રાખી શકાય, પરંતુ ટ્રુઈસ્ટ બેંકના યુએસ ઈકોનોમિક્સ હેડ માઈક સ્કોર્ડલેસ કહે છે કે, આ નિર્ણયથી જે પણ ફાયદો મળી શકે તેમ હતો, તે અનિશ્ચિતતાને કારણે થતા નુકસાનમાં ધોવાઈ જશે.

# મોદી આજથી ઈઝરાયેલની બે દિવસની મુલાકાતે

**વેપાર** ક્ષેત્રે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અંગેની વાટાઘાટો અને રોકાણ કરારો થશે

**દ્વિપક્ષીય** સંરક્ષણને વધુ મજબૂત બનાવવા પણ ચર્ચા કરાશે

**નવી દિલ્હી, તા. 24 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારથી ઈઝરાયેલની બે દિવસીય મહત્વપૂર્ણ મુલાકાતે જશે. મધ્ય-પૂર્વમાં વધી રહેલા તણાવ અને અમેરિકા-ઈરાન વચ્ચેના બગડતા સંબંધો વચ્ચે યોજાનારી આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય દ્વિપક્ષીય સંરક્ષણ અને વ્યાપાર સહયોગને વધુ મજબૂત બનાવવાનો છે.

મોદી ઈઝરાયેલની સંસદને સંબોધિત કરશે અને વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ તથા રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગ સાથે બેઠક કરશે.

આ મુલાકાત બંને લોકશાહી દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને ફરીથી પુષ્ટિ આપવાની તક પૂરી પાડશે. ખાસ કરીને સંરક્ષણ સહયોગ આ ચર્ચાના કેન્દ્રમાં રહેશે, એમ વિદેશ મંત્રાલયે કહ્યું હતું.

ભારત હાલમાં પોતાની સ્વદેશી એર ડિફેન્સ સિસ્ટમ 'સુદર્શન ચક્ર' વિકસાવી રહ્યું છે, જેમાં ઈઝરાયેલની પ્રખ્યાત 'આયર્ન ડોમ' ટેકનોલોજીના અમુક તત્વોને સામેલ કરવાની શક્યતા પર વિચાર થઈ શકે છે.

પીએમ મોદીની નવ વર્ષમાં આ બીજી ઈઝરાયેલ મુલાકાત છે. 2017માં તેમની પ્રથમ મુલાકાત

...અનુસંધાન પાના 11 પર